# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટીરોડ, પો. બો. ન. ૧૦
વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦. (ગુજરાત) ભારત
નેક એક્રીડિશન: ગ્રેડ 'A'સીજીપીએ ૩.૨૫
(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)

ફોન: (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર: (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail:
exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


નંબર: ઇ-૩/2853

પરીક્ષા વિભાગ
તારીખ: ~~૧૪~~/૧૧/૨૦૨૨
15

**વિષય:** સ્નાતક કક્ષાની ૦૧ કોડ વાળા પ્રેક્ટીકલ વિષયોની પરીક્ષા બાબત.
**સંદર્ભ:** પરીક્ષા વિભાગનો તારીખ : ૨૪/૦૯/૨૦૨૨નો પરિપત્ર નં. ઇ-૩/૨૦૫૧.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભના અનુસંધાનમાં સંબંધકર્તા કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે સપ્ટેમ્બર-૨૦૨૨માં ખાસ કિસ્સામાં વિદ્યાર્થીના હિતને ધ્યાનમાં રાખી ૦૧ કોડ વાળા વિષયોની પરીક્ષા લેવામાં આવેલ હતી. સદર પરીક્ષામાં ઘણા વિદ્યાર્થીઓની પ્રેક્ટીકલ પરીક્ષા પણ આપવાની હતી.

ઉપરાંત પ્રેક્ટીકલ પરીક્ષા થીયરી પરીક્ષા પૂર્ણ થયાના ત્રણ દિવસમાં પરીક્ષાનું આયોજન કરી જે તે પ્રેક્ટીકલ વિષયનાં વિદ્યાર્થીઓના માર્કસ અને પરીક્ષાનું ટાઇમ ટેબલ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં પરીક્ષા પૂર્ણ થયાના ૦૭ (સાત) દિવસમાં જમા કરાવવાનું જણાવવામાં આવેલ હતું. તેમ છતાં ઘણી કોલેજો દ્વારા આજ દિન સુધી પ્રેક્ટીકલ પરીક્ષાના માર્કસ પરીક્ષા વિભાગ ખાતે મોકલી આપવામાં આવેલ નથી. જેના કારણે પરીણામો જાહેર કરવામાં ખુબજ વિલંબ થઇ રહ્યો છે.

તો સદર બાબતને ગંભીરતાથી લઇ સત્વરે પ્રેકટીકલ પરીક્ષાનાં માર્કસ **તારીખ : ૧૯/૧૧/૨૦૨૨ સુધીમાં** યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં મોકલી અપવા તાકીદે જાણ કરવામાં આવે છે. **ત્યારબાદ પ્રેક્ટીકલનાં માર્કસ સ્વીકારવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવા વિનંતી.**

**નોંધ.** જો આપના દ્વારા ઉપરોક્ત જણાવેલ તારીખ સુધીમાં માર્કસ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ ખાતે જમા કરાવવામાં આવશે નહિ તો જે વિદ્યાર્થીનાં પ્રેક્ટીકલનાં માર્કસ બાકી હશે તેનું પરીણામ પેન્ડીંગ કરી બાકીના વિદ્યાર્થીઓનું પરીણામ જાહેર કરવામાં આવશે. તેમજ પેન્ડીંગ કરેલ વિદ્યાર્થીના પરીણામની સંપૂર્ણ જવાબદારી જે તે કોલેજનાં આચાર્યશ્રીની રહેશે. જે આપને વિદિત થાય.

14/11/22

નાયબ કુલસચિવ